કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# શ્રી એમ. એમ. પટેલ સાયન્સ કોલેજમાં ૯૯ ટકા પ્લેસમેન્ટ



ગાંધીનગર, તા.૧૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંલગ્ન શ્રી માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચ સેકટર-૨૩ ગાંધીનગર ખાતે ૨૦૧૮-૨૦૧૯માં ૯૯ ટકા પ્લેસમેન્ટ પૂર્ણ કરેલ છે.

એમ.એમ. પટેલ સાયન્સ કોલેજમાં બી.એસસી પોલિમર કેમેસ્ટ્રી, મેડિસ્નલ કેમેસ્ટ્રી તેમજ ડાઈસ અને એમ. એસસી. ઓર્ગેનિક-એનાલીટીકલ-ફીઝીકલ- કેમેસ્ટ્રી, જેવા સ્પેશ્યેલાઈઝેશન કોર્સમાં નિષ્ણાતો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.

આ વિભાગોમાં ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી ઘડે છે. છેલ્લા ચાર વર્ષથી કોલેજનું ૧૦૦ ટકા પ્લેસમેન્ટ મળી રહ્યું છે.

આ વર્ષે કેમ્પસ ઈન્ટરરવ્યુમાં એસીયન્સ પેઈન્સ, એલએમબીક, ટોરેન્ટ ફાર્મા, પિરામલ ડિસ્કવરીસોલ્યુસન, ડ્રોઈકા, એક્યુલાઈફ, રત્નમણી, રત્નમણી હેલ્થકેર, નિરમા પેટ્રો કેમિકલ, ઓક્સિજન, હાઈટેક, ટીસીએસ, શંકુફાર્મા, વીડા ક્લિનીકલરીસર્ચ, સીક્રોન, હીટ્રો ફાર્મા, માસ્કોટ, સ્પીસ ફાર્મા વગેરે જેવી નામાંકિત કંપનીઓએ ૨.૦ થી ૪.૫ લાખ સુધીનું પેકજ મેળવ્યું છે. કડી સર્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલ, રજિસ્ટ્રાર ડો. એસ.કે. મંત્રાલા, સાયન્સ કોલેજના આચાર્ય ડો. કેયુર શાહ પ્લેસમેન્ટ મેળવનાર વિદ્યાર્થીઓને અને વ્યાખ્યાતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

# યુવાઓએ વડીલ માતાઓ સાથે ઉજવ્યો 'મધર્સ ડે



ગાંધીનગર, તા. ૧૪

મે મહિનાના બીજા રવિવારે મધર્સ ડે ઉજવાય છે. લગભગ બધાં જ પોતાની જનેતાને પગે લાગી કે ગળે મળીને આ દિવસ ઉજવે છે. પોતાની મા સાથે સૅલ્ફી લઈ સોશિયલ મીડિયામાં અપલોડ પણ કરે છે.

'મિશન હોપ' દ્વારા ગાંધીનગરના યુવાનો વૃધ્ધાક્ષશ્રમના વડીલો માટે સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે.

મધર્સ ડે નિમિત્તે આ બધા યુવાનોએ પોતપોતાની જનેતાનાં ચરણસ્પર્શ તો કર્યા જ હતાં પરંતુ સાથે સાથે પેથાપુર પાસે સ્થિત કૈલાસધામ વૃધ્ધાશ્રમ ખાતે જઈને માતાઓનાં ચરણસ્પર્શ કરી તેમને ગુલાબનું ફૂલ આપી મધર્સ ડેની નોખી ઉજવણી કરી હતી. હાર્દિકસિંહ ચુડાસમા, શ્રેયાંશી શ્રોફ, ટ્વીન્કલ પ્રજાપતિ, સ્મિત, નિશિ રાજપૂત, કિશન અને સંજય થોરાતે આ વડીલ માતાઓ સાથે સમય વિતાવી તેમની સાથે મજાની વાતો કરી હતી અને મધુરાં ગીતો પણ ગાયાં હતાં.

## જન્મદિને વધામણી



ડો. પ્રિ. પ્રફુલ્લા બ્રહ્મભટ્ટ
મો. ૯૪૨૭૩ ૯૯૯૩૨



ભારતીબેન પટેલ
મો. ૯૯૭૯૧ ૦૫૯૮૦



રાજસીભાઈ બેરીયા
મો. ૯૦૯૯૯ ૦૪૫૬૨



વિરેન અનિરુદ્ધ
મો. ૭૦૧૬૩ ૬૯૦૪૩







ગાંધીનગર સાહિત્ય સભાની મે માસની બેઠકમાં સર્જક સાથે સંવાદ કાર્યક્રમમાં વલભીપુર તાલુકાના પિપરિયા ગામના સર્જક રવજીભાઈ ગાબાણી આમંત્રિત તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સર્જકનું સ્વાગત સભાના પ્રમુખ નટવર હેડાઉ અને મંત્રી ભીખુ કવિ દ્વારા કરવામાં આવ્યું. રવજીભાઈ ગાબાણીએ બાળકાવ્યો, ગીત-ગઝલ દ્વારા શ્રોતાઓને મોજ કરાવી હતી. એમનો હૃદયસ્પર્શી નિબંધ 'લાભુ ગાંડો' ગ્રામ્ય પરિવેશ અને સુંદર નકશીદાર શૈલી ધરાવતી અતિ સંવેદનશીલ પ્રસ્તુતિ સૌને ગંભીર કરી ગઈ. રવજીભાઈ ગાબાણી નવોદિત લેખકોને વર્ષે એકવાર 'અંજુ-નરસી પારિતોષિક' કે જે ૨૧ હજાર રોકડ પુરસ્કાર છે એ આપી સાહિત્યની સેવા કરે છે. ગાંધીનગર સાહિત્યસભામાં હવે યુવાનો પણ વધુ પ્રમાણમાં જોડાઈ રહ્યા છે. કાર્યક્રમની આભારવિધિ માતૃ દિવસને અનુલક્ષીને એક માઈક્રોફિક્શન વાર્તા સાથે ઉપાધ્યક્ષ સંજય થોરાત દ્વારા કરવામાં આવી હતી. આ અગાઉ રમણલાલ શ્રીમાળીએ મા વિશેની રચના પ્રસ્તુત કરી હતી. સર્જક સાથે સંવાદનો આ કાર્યક્રમ સૌને સ્પર્શી ગયો હતો.

# માતૃભાષા અભિયાન દ્વારા સાહિત્ય સંક્ષિપ્તિકરણ શિબિર

ગાંધીનગર, તા. ૧૪

માતૃભાષા અભિયાન અંતર્ગત સંક્ષિપ્તીકરણના આ પ્રકલ્પમાં ગુજરાતી ભાષાના સાહિત્ય વારસાને લોકો સુધી પહોંચાડવા એક નવતર અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. નવી પેઢીને વાચન માટે ટૂંકાણવાળું, મૂળ હાર્દ જળવાય તેવું લેખન મળે તે આ પ્રવૃત્તિનો મુખ્ય આશય છે. જેમાં પ્રશિષ્ટ સાહિત્યનાં પુસ્તકો સંક્ષિપ્ત કરવામાં આવશે, જેથી વાચકો મૂળ પુસ્તકનાં ઘણાંબધાં પૃષ્ઠોની જગ્યાએ પચાસેક પૃષ્ઠમાં તે કૃતિને માણી શકે.

જાણીતા સાહિત્યકાર રતિલાલ બોરીસાગરના માર્ગદર્શન હેઠળ આ પ્રકલ્પનો શુભારંભ તા. ૧૮મી મેના રોજ માર્ગદર્શન શિબિરથી કરવામાં આવી રહ્યો છે. પ્રકલ્પમાં રસ ધરાવનાર લેખકોને આ શિબિરમાં જોડાવા માટે સંસ્થા દ્વારા વિનંતી કરવામાં આવી છે. શિબિરમાં ભાગ લેવા માટે સંસ્થા સમક્ષ રજિસ્ટ્રેશન (ફોન : ૪૦૩૦૩૮૭૯, મો. ૯૯૦૯૯ ૫૯૭૩૯) કરાવવું આવશ્યક છે.

# તને મળેલું જીવન એ સર્વશ્રેષ્ઠ જીવન છે











ગાંધીનગર, તા. ૧૪

'તને મળેલું જીવન એ સર્વશ્રેષ્ઠ જીવન છે અને એ જીવનને તું સર્વશ્રેષ્ઠ રીતે જીવી શકે છે.... જીવન જીવવાનો સાચો રસ્તો એ ડરનો નહીં, પરંતુ ખુશીનો રસ્તો છે..... તારા ડર પર તારે સ્વયં જીત મેળવવાની છે... સારું જીવન સૌ સાથે હળીમળીને જીવી શકાય છે... એવા અનેક સુંદર સંદેશ એક નાટકના માધ્યમથી ગાંધીનગરની કેટલીક આશાસ્પદ બાળાઓએ આપ્યા હતા.

ઈમેજિન સંસ્થાના ઉપક્રમે આયોજિત સમર કૅમ્પના સમાપન સમારોહમાં પ્રેક્ષકોને આ સંદેશ પ્રાપ્ત થયા હતા. ફન ઍન્ડ ફિસ્ટ ખાતે આયોજિત સમારોહની વિશેષતા એ હતી કે આખોય સમારોહ અભિનયની કૃતિઓથી ઓપતો હતો. મતલબ કે માત્ર અભિનયની કૃતિઓ જ આ શોમાં પ્રસ્તુત કરવામાં આવી હતી. જે અંતર્ગત તાલીમાર્થી બાળાઓ દ્વારા આમ્રપાલી વ્યાસ લિખિત નાટક 'મૂષક ઔર બિલ્લા'ની પ્રભાવક પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ નાટકે ઉમદા સંદેશાઓ આપીને પ્રેક્ષકોની ભરપૂર વાહવાહી મેળવી હતી. નાટકનાં બધાં જ પાસાં સુંદર હતાં. સ્ટેજ સજાવટ, લાઈટિંગ, મ્યુઝિક, લેખન અને બાળાઓ દ્વારા એટલી જ સુંદર પ્રસ્તુતિ સૌને સ્પર્શી ગઈ હતી.

નાટક ઉપરાંત તાલીમાર્થી બાળાઓ દ્વારા થિયેટર ગેમ્સ, માઈમ અને શીઘ્ર નાટકની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી.

નિખિલ કુલકર્ણી, આમ્રપાલી વ્યાસ અને નિકિતા કુલકર્ણી દ્વારા આ કૅમ્પના મૅન્ટર તરીકે પોતાની સેવાઓ આપવામાં આવી હતી. શિબિરાર્થી દિયા શાસ્ત્રી, દિવા શાસ્ત્રી, રેવા ઘલસાસી, નંદિની ભાટીયા, ઉત્સવી કુલકર્ણી, વેદાંશી ડાબિર, પાહેલ ભાભોર, આર્નવી ભાભોર અને ઝેના સુથાર દ્વારા આ અનોખા શોમાં પોતાની અભિનય કલાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

આ પ્રસંગે અતિથિ તરીકે જશવંત ગાંધી, પ્રજ્ઞા પટેલ, સંજય થોરાત અને કુંતલ નિમાવત ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીજીનો વિનોદ

॥ અઠ્યાવીસમો મણકો ॥

**૭૫ - લાખ દીકરીનો પિતા**

કૅબિનેટ મિશન ગાંધીજીની સાથે ચર્ચા કરી રહ્યું હતું ત્યારે તેમનીસાથે પાર્લામૅન્ટનાં એક સ્ત્રી સભ્ય શ્રીમતી નિકોલ પણ હાજર હતાં. બધી જ ચર્ચા રાજદ્વારી પ્રશ્નો પર હતી તેથી તેમાં કંઈક વૈવિધ્ય લાવવા માટે તેમણે ગાંધીજીના ઘરસંસાર વિશે પૂછ્યું, મિ. ગાંધી. તમારે કેટલી દીકરીઓ છે?

ગાંધીજી (હસીને) : મારે તો એક લાખ દીકરીઓ છે, કેમ જવાબથી સંતોષ થયો ને ?

શ્રીમતી નિકોલ : મને તો થયો પણ સાચે જ તમને થયો છે ?

**૭૬ - ભગવાનની હાર**

બિહારમાં મુસલમાનોની કતલ થયાના સમાચાર સાંભળી ગાંધીજી ત્યાં આવવા નીકળ્યા. ગાંધીજી ક્યાં ઊતરવાના છે તે ખાનગી રાખ્યું હતું છતાં મુસ્લિમ નેતાઓને એની જાણ હતી એટલે સ્ટેશને અબ્દુલ બારી અને ડૉ. સૈયદ મહમૂદસાહેબ સ્વાગત માટે આવીને ઊભા હતા. વાતાવરણમાં કંઈક ગમગીની હતી. પણ સ્ટેશન પર તેમને જોતાં જ ગાંધીજી બોલ્યા, શું હજી તમે તો જીવો છો ના ?

150 ગાંધીયાત્રા

પછી તેમની દૃષ્ટિ કૅમેરાવાળા પર પડતાં કહેવા લાગ્યા, અરે ! આ ખબરપત્રી અને ફોટોગ્રાફરોને તો ભગવાનેય ન પહોંચે !

તરત જ વીજળીવેગે વાતાવરણમાં હાસ્ય ફરી વળ્યું.

**૭૭ - બાંધી મૂઠી**

એક વાર એક હસ્તરેખાનો વિદેશી જાણકાર ગાંધીજીને મળવા આવ્યો અને તેમનો હાથ જોવાની માગણી કરી. તેને હાથ બતાવવાની ના પાડતાં ગાંધીજીએ હસીને કહ્યું, હજી મેં મારી મૂઠી કોઈ સમક્ષ ખોલી નથી.

**૭૮ - શિંગડાંવાળો માનવી**

સુપ્રસિદ્ધ પત્રકાર લૂઈ ફિશર ગાંધીજીને બીજી વાર મળવા આવ્યા ત્યારે તેમને આવકાર આપતાં ગાંધીજી બોલ્યા :

એમ ! હવે તમે આવી પહોંચ્યા ફિશર !

જુઓ ! આ ચાર વર્ષના ગાળામાં હું કંઈ વધુ દેખાવડો થયો નથી.

ફિશર : તમારાથી જુદા પડવાની હું કેમ હિંમત કરી શકું ?


આમ હાસ્યના પ્રારંભ સાથે બંને જણ મળ્યા. પછી ફિશર ગાંધીજી સાથે પ્રવાસમાં જોડાયા. મૂશળધાર વરસાદ હોવા છતાં દરેક સ્ટેશને હજારો લોકો ગાંધીજીનાં દર્શન માટે પડાપડી કરતા અને 'ગાંધીજીની જય'ના પોકારોથી ભારે ઘોંઘાટ કરી મૂકતા.

એક સ્ટેશને ચૌદેક વર્ષના બે છોકરાઓ ભીના શરીરે ગાંધીજીની બારી સમક્ષ ઊંચાનીચા કૂદવા લાગ્યા અને હાથ તાલબદ્ધ ઊંચાનીચા કરી 'ગાંધીજી... ગાંધીજી... ગાંધીજી....' એમ ચિચિયારી પાડવા લાગ્યા.

એ સાંભળી ગાંધીજીને રમૂજ પડી. તેથી કુતૂહલથી ફિશરે ગાંધીજીને પૂછ્યું, તમારે વિશે તેમની શી કલ્પના હશે ?


ગાંધીજીએ બંને લમણાં પર મૂઠી મૂકી અંગૂઠા ઊંચા કરી કહ્યું :

શિંગડાંવાળો માનવી ! એક અજાયબી !




'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# ગુજરાતી રંગભૂમિના કલાકારોની અનુભવયાત્રા





ગુજરાતી રંગભૂમિનો ઈતિહાસ અંગ્રેજી કે ફ્રેંચ થિયેટર જેટલો પુરાણો નથી. ગુજરાતના પારંપરિક નાટ્યસ્વરૂપ 'ભવાઈ'માંથી ક્રમશઃ ઉદિત થયેલ જૂની રંગભૂમિ, નવી રંગભૂમિ અને છેવટે મૉડર્ન થિયેટર એટલે કે આજની આધુનિક રંગભૂમિના ઈતિહાસને હજુ માંડ દોઢસો વર્ષ થયાં છે. પરંતુ આ દોઢસો વર્ષમાં તે પરિવર્તન અને વિકાસના જે વહેણોમાંથી પસાર થઈ છે તેનું અવલોકન ખરેખર રસપ્રદ અને રોમાંચક છે. આ વિકાસ યાત્રામાં અનેક મહાન કલાકારો, લેખકો, નિર્માતાઓ, દિગ્દર્શકો, સંગીતકારો અને સંન્નિવેશના જાદુગરોએ ગુજરાતી પ્રજાનું મન બહેલાવ્યું અને સમાજને પણ દીવાદાંડીરૂપ બન્યા. જેના અનેક ખટમધુરા પ્રસંગો બન્યા હોઈ તે હજીય રંગભૂમિના આશિકોને મમળાવવા ગમે છે અને આવનારી પેઢીને પણ ગમશે. આવા પ્રસંગોના સંકલનનું એક ખૂબ જ સુંદર અને દસ્તાવેજરૂપ પુસ્તક પ્રગટ થયું છે તેની વાત.





'રંગભૂમિનાં રંગભીનાં સંભારણાં'. સંપાદક બેલા ઠાકરના આ પુસ્તકમાં 'મીઠાં લાગ્યાં રે મને આપનાં સંભારણાં' શિર્ષકથી તુષાર શુક્લએ આવકાર આપતાં લખ્યું છે કે 'મુલાકાતોની મજા હોય છે. એનો આરંભ આનાકાનીથી થાય. વાતની શરૂઆતમાં નગુણાપણા અને નિરાશાની ફરિયાદ થાય અને થોડી જ વારમાં શરૂ થઈ જાય છે એ વિતેલા દિવસોની મીઠી યાદની સફર ! વડીલોની આંખમાં ચમક આવી જાય, હોઠ કોઈ સ્મૃતિમાં મલકે, ક્યાંક વળી ભીનાશ પણ આંખને ખૂણે ચમકે ! લાગે કે એ વીતેલો સમય ખંડ અત્યારે ફરી જીવી રહ્યા છીએ. આવી ધન્ય ક્ષણનાં લેખિકા સાક્ષી બન્યાં છે. જેમાં ૨૬ જેટલા કલાકારોનાં સંભારણાં આપણને મળે છે. જેમાંથી પસાર થતાં આખ સામેના પડદા ઊઘડી જતાં કેટલાંક દશ્યો આજે પણ તરોતાજા લાગે છે જેની વાત ઉપોદ્‌ઘાતમાં કરતાં ઉપેન્દ્ર ત્રિવેદીએ સાચું જ કહ્યું છે કે સમર્પિત ભાવ અને પ્રેક્ષકોને રીઝવવાની ખેવના એ દરેક યુગમાં અને દરેક નાના મોટા કલાકારમાં રહી છે. ત્રીસ અને ચાલીસના દાયકા વચ્ચે જૂની રંગભૂમિનો યુગ પુરો થયો અને નવી રંગભૂમિનો ઉદય થયો. ચં. ચી. મહેતા, જશવંત ઠાકર, ચંદ્રવદન ભટ્ટ, પ્રતાપ ઓઝા, વિષ્ણુકુમાર વ્યાસ, દામુ ઝવેરી જેવા કલાકર્મીઓએ નવીન તરાહ ધરાવતાં નાટકો શરૂ કર્યાં. મુંબઈ-અમદાવાદ-સુરત વગેરે શહેરોમાં અવેતન રંગભૂમિનાં મંડાણ થયાં અને પાછળથી વ્યાવસાયિક રંગભૂમિ પણ પૂરી તરાહથી ખીલી.'

ગુજરાતી રંગભૂમિ અને કલાકારોના વિકાસ માટે જીવનપર્યંત કાર્યરત રહેનાર શશિકાન્ત નાણાવટીની રંગમ અને સંભારણું કોલમથી પ્રભાવિત થઈ લેખિકાએ તેમના સૂચનથી આ સંપાદન કર્યું હોવાની વાત 'એક સ્વપ્ન, એક તર્પણ...'માં સંપાદકની કલમે મૂકી છે તેમજ પુસ્તક તેમને અર્પણ કર્યું છે.

આ સંપાદન માટે લેખિકાએ ગુજરાતમાં રહી કામ કર્યું છે. તેઓ કલાકારોને મળ્યાં છે. બધા જ રંગકર્મીઓ પંચોતેરની વય પાર કરી ચૂક્યા હતા. કેટલાક તો એંશી વટાવી ગયેલા. શારીરિક સમસ્યાઓ છતાં સહુએ ખૂબ પ્રેમથી, હોંશથી, હર્ષથી આ કામને આવકાર્યું. કેટલાક કલાકારોએ જાતે તેમનાં ખાટાંમીઠાં સંસ્મરણો લખીને મોકલ્યાં. તો કેટલાકને લેખિકાએ રૂબરૂ મળી તેમણે કરેલી વાતોને આલેખી છે. જેમાંથી કેટલાકે આ દુનિયામાંથી વિદાય લઈ લીધી છે. તેઓ સદેહે આપણી વચ્ચે નથી પરંતુ તેમનો અક્ષરદેહ, તેમની વાતો આ પુસ્તક થકી સદા આપણી સમક્ષ રહેશે. અરૂણ ઠાકોર, ઉષામલજી, જયંતિ પટેલ, પી. ખરસાણી, કાંતિ પટેલ, દિવાકર રાવલ, કમલ ત્રિવેદી, દામિની મહેતા, ઉપેન્દ્ર ત્રિવેદીથી શરૂ થયેલ સંસ્મરણયાત્રા અન્નપૂર્ણા શુક્લ, અદિતિ દેસાઈ, અર્ચન ત્રિવેદી, સૌમ્ય જોષી, કલમ જોશી, કલ્પના ગાગડેકર અને ચેતન દૈયા સુધી આવી વિરમે છે.

પરિશિષ્ટમાં ગુજરાતની રંગભૂમિની વિકાસયાત્રા જેમાં જૂની રંગભૂમિનો પ્રાદુર્ભાવ, નવી રંગભૂમિનો ઉદ્‌ભવ, પેરેલલ થિયેટર સુધીની ચઢાવઉતારની આછી રૂપરેખા આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. કલાકારોની સ્મૃતિમાં સચવાયેલ અનુભવયાત્રાને શબ્દસ્થ કરવા બદલ સંપાદિકા અભિનંદનને પાત્ર છે.

રંગભૂમિનાં રંગભીનાં સંભારણાં
લેખન-સંપાદન : બેલા ઠાકર
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૮, કિંમત : રૂા. ૭૫૦/-